ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૧૧-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

સલામ સચિનને...!!

ચોવીસ વર્ષ સુધી એકચકી શાસન ચલાવનાર સંવેદનશીલ ક્રિકેટવીર સચીન તેંડુલકરને 'ભારત રત્ન' ન મળે તો પણ દુનિયા આખી એને ભારતના રત્ન તરીકે અને ક્રિકેટના ભગવાન તરીકે જ ઓળખે છે. જો કે છેલ્લી માહિતી મુજબ 'ભારત રત્ન' મુદ્દે સંમિત સધાઈ ચૂકી છે. કોઈ એક વ્યક્તિ એની કારકિર્દીમાં આટલાં ઊંચાં ચઢાણ ચઢે અને પછી એક દિવસ ક્ષેત્ર સંન્યાસ લઈ લે, ત્યારે એના પ્રશંસકોમાં નિરાશા ન પ્રસરે તો જ નવાઈ. ક્રિકેટ ક્ષેત્રે ભારતને ગાવસ્કર અને કપિલ દેવ કે સૌરવ ગાંગુલી અને રાહુલ દ્રવિડ જેવા સીમાચિહ્નરૂપ ખેલાડીઓ સાંપડ્યા છે. સચીન એ બધા કરતાં મૂઠી ઊંચેરા ખેલાડી તરીકેની નામના સાથે ક્ષેત્રસંન્યાસ લઈ રહ્યો છે ત્યારે એના પ્રશંસક આમિરખાનને ભલે એમ લાગતું હોય કે ભવિષ્યમાં બીજો સચીન નહીં પાકે, પરંતુ વસુંધરા વાંઝણી નથી. જે છેલ્લી વાનખેડેની મૅચમાં સચીન સદી ન કરી શક્યો એમાં રોહિત શર્મા જેવો નવો ખેલાડી ઝળકી ઊઠ્યો છે તે જ શું સૂચક નથી? સચીનની કારકિર્દી અનેક સંદર્ભોમાં પ્રેરણાદાયક છે. છેક બાળપણથી એને શ્રેષ્ઠ ક્રિકેટ રમવાની ધૂન ચડી હતી. આચરેકર જેવા કોચ અને અનુકૂળ પારિવારિક વાતાવરણ ઉપરાંત સચીન એની સિદ્ધિ માટે હર હંમેશ ઉપરવાળાનો આભાર માનતો રહ્યો છે. એને વારંવાર આકાશ તરફ નજર કરી બૅટ દ્વારા એ અગોચર વિશ્વંભરને સલામ કરતો જોઈએ ત્યારે સમજાય કે માનવીના પુરુષાર્થમાં જ્યારે શ્રદ્ધાની સંજીવની ભળે છે ત્યારે એના માટે આ સૃષ્ટિ પર કશું જ અશક્ય નથી રહેતું. સચીનની કારકિર્દીમાં પણ ઉતાર-ચઢાવ અને ચડતી-પડતીના તબક્કા તો આવતા જ રહ્યા છે. પરંતુ એ દરેક સમયે સ્થિતપ્રજ્ઞ રહ્યો છે. એણે ક્યારેય સફળતાથી છકી જઈને અણછાજતું વર્તન નથી કર્યું તે એની ખાનદાની છે. નહીંતર સચીન તો છગ્ગા અને ચોક્કા મારવામાં પણ વિક્રમ ધરાવતો ખેલાડી છે. એણે મુંબઈને ચાહ્યું છે પરંતુ શિવસેના કે મનસેના 'મરાઠી માણુસ'વાળી નીતિથી એ પોતાની જાતને અળગી રાખી શક્યો છે. બીજા ખેલાડીઓ કરતાં એ જુદો પડતો રહ્યો છે. વામનમાંથી વિરાટ બન્યા પછી પણ એ વિનમ્ર રહ્યો છે. સામાન્ય રીતે કલાકારો અને ખેલાડીઓ સાથે વિવાદો જોડાયેલા જ રહેતા હોય છે. સચીન એમાં એક દૃષ્ટાંતરૂપ અપવાદ બની રહ્યો છે. દિવંગત પિતાએ એને ત્રણ પ્રતિજ્ઞાઓ લેવડાવી છે તે ગાંધીજીને વિલાયત મોકલતાં અગાઉ એમનાં માતા પૂતળીબાઈએ લેવડાવેલી પ્રતિજ્ઞાઓની યાદ અપાવે છે. સચીન દારૂથી દૂર રહીને આવી આંતરરાષ્ટ્રીય હસ્તી બની શક્યો હોય તો ગાંધીજીનો આત્મા સ્વર્ગમાં બેઠાં બેઠાં પણ પ્રસન્નતા જ અનુભવશે. પિતાએ એને રાજકારણમાં નહીં પડવાની શીખ આપી છે. જો કે સારા માણસો રાજકારણથી સલામત અંતર રાખીને જ જીવવાનું પસંદ કરે છે, પણ એથી દેશને તો સરવાળે બદમાશ લોકોના શાસનનો ભોગ બનવું પડે છે. બનવાજોગ કે પોતે વિવાદથી છેટો રહી સચીન પોતાની ઈમેજને કોઈ વટાવી ન ખાય, એની ખેવના રાખતો હોય. સચીને રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત સંસદસભ્ય તરીકે સેવા આપવાનું સ્વીકાર્યું હોય તો એ રાજકારણથી છેટો કઈ રીતે રહી શકશે? સ્વરકોકિલા લતા મંગેશકર કે સિનેનાયક અમિતાભ બચ્ચનની જેમ સચીન પણ ભારતના ગૌરવનું પ્રતીક બની રહેલ છે. પંદર વર્ષની વયે જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ શરૂ કરનાર સચીન તેંડુલકરને વધતી વય સાથે લબરમછિયા વછેરાઓ વચ્ચે ટકવામાં પણ ખાસ્સી મુશ્કેલી પડી રહી હતી. છતાં, 'ક્રિકેટના ભગવાન' તરીકે પૂજાતા આ રમતવીરને એમણે ભરપૂર સન્માન આપ્યું એટલું જ નહીં, એને રાષ્ટ્રીય હીરો બનાવી દીધો છે. ક્યારેક તો નિવૃત્ત થવાનું જ હતું. વચ્ચે એક તબક્કો એવો પણ આવ્યો હતો કે કેટલાંક હિત ધરાવતાં તત્ત્વો એને નિવૃત્ત કરી નાખવા પેંતરાબાજી કરવા લાગ્યાં હતાં. એને 'તેંડુલકર'ને બદલે 'એંડુલકર' કહી ક્રિકેટ ઉપરનો અણગમતો બોજ માનનારાઓને પણ સચીનના આ સમયસરના ક્ષેત્ર સંન્યાસથી જરૂર દુઃખ થયું હશે, કારણ કે લતા મંગેશકર કહે છે એમ સચીન ક્રિકેટનો પર્યાય બની ગયો છે. સચીન જેમ એની રમત બાબતે જાગ્રત રહ્યો તેમ દરેક ભારતીય જે ક્ષેત્રમાં હોય તેમાં સચીન જેટલી જ નિષ્ઠા અને ખેલદિલી જાળવે એવો એક સંદેશ આ 'માસ્ટર બ્લાસ્ટર'ની ઊજળી અને ઉદાહરણરૂપ કારકિર્દી આપી જાય છે. શું આપણા રાજકારણીઓ એની પાસેથી સૌમ્ય વ્યવહાર રાખીને અને મૂંગા રહીને પણ લાંબી ઈનિંગ્સ ખેલી શકાય છે, એટલો પદાર્થપાઠ શીખશે? કદાચ રાહુલ જેવા રાજવંશીએ વ્યસ્તતામાંથી વખત કાઢી સચીનની છેલ્લી મૅચ નિહાળવાનું પસંદ કર્યું એનું એક કારણ આ પણ હોઈ શકે! તે લાંબી રેસનો ઘોડો બનવાનો ગુરુમંત્ર લઈને નીકળ્યા હોય તો કેવું સારું!

લાયોનેસ કલબ દ્વારા બેંક ઑફ બરોડાના સહયોગથી બેઝીક બેંકીંગ નો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર તથા બેંક ઑફ બરોડાના સહયોગથી લાયોનેસ કલબની બહેનો માટે બેઝીક બેંકીગના અત્યંત ઉપયોગી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેંક ઑફ બરોડાના ચીફ મેનેજર શ્રી રાકેશભાઈ ચોપરા તથા આસીસ્ટન્ટ મેનેજર શ્રી વિકાસ ચાવલાએ બહેનોને બેંકીંગ તથા ખાસ કરીને અલગ અલગ પ્રકારની લોન કેવી રીતે મળી શકે અને એમાં બેંક ઑફ બરોડા તમને ક્યાં અને કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની સુંદર માહિતી આપી હતી.

બેઝીક બેંકીગના વર્કશોપના અંતમાં કવીઝ કરીને ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં બેંક ઑફ બરોડાના રાજભાષા વિભાગના ઈન્ચાર્જ શ્રીમતી મનીષાબેન ત્રિપાઠીએ ભારે જહેમત ઉઠાવી હતી. આ વર્કશોપમાં લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટ, સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી તથા મોટી સંખ્યામાં લાયોનેસ બહેનો હાજર રહી હતી.

હરિની દૃષ્ટિ...

બીજા રાજ્યમાં 'અંધેર નગરી અને ગંડુ રાજા' જેવું થયું છે. ડુંગળીને મીઠું સો રૂપિયે થઈ ગયું... હવે આપણે...!!

ગ્રામભારતી ખાતે ડૉ. અબ્દુલ કલામનો કાર્યક્રમ મોકુફ

માણસા તાલુકાના અમરાપુર ગ્રામભારતી ખાતે તા. ૧૯ નવેમ્બર સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો કાર્યક્રમ યોજાનાર હતો. આ કાર્યક્રમ ડૉ. કલામની નાદુરસ્ત તબીયતને કારણે મુલતવી રાખવામાં આવ્યો છે તેમ નિયામક અમૃતભાઈ પટેલે જણાવ્યું છે. જેની નોંધ લેવી.

આદિવાસી સમાજનો રાજયકક્ષાનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગરમાંઆદિવાસીફેડરેશન ગુજરાત રાજયના ઉપક્રમે તા. ૧૮ નવેમ્બર બપોરે ૨ થી૯ કલાક દરમિયાન સેકટર-૩-એ ન્યુના કોમન પ્લોટ ખાતે નૂતનવર્ષનિમિત્તેરાજયકક્ષાનાઆદિવાસી સ્નેહમિલન સમારંભનુંઆયોજન કરવામાં આવેલ છે.

સ્નેહમિલન કાર્યક્રમમાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક પ્રદર્શન અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં આદિવાસી સમાજની વંશપરંપરાગત રૂઢિગત નાચગાન, વિવિધ કલા નૃત્યોના ગીત-સંગીતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત આદિવાસીઓના બંધારણીય હક્કો અને અધિકારો વિશે મહત્વની જાણકારી આપવામાં આવનાર છે. રાજયના ખૂણે ખૂણે વસતા આદિવાસી સમાજના જ્ઞાતિજનોને આદિવાસી ફેડરેશનના પ્રમુખ ડૉ. પ્રદિપકુમાર ગરાસીયા તરફથી અચુક પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગ્રંથાલય સપ્તાહની ઉજવણી રૂપે વિવેકાનંદ એક જીવન દૃષ્ટા વિષય અંતર્ગત માણસા ખાતે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સરકારી પુસ્તકાલય માણસા ખાતે ૧૫ નવેમ્બરના રોજ 'વિવેકાનંદ એક જીવન દૃષ્ટા' વિષય અંતર્ગત લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી.

વિવેકાનંદ એક જીવન દૃષ્ટા વિષય અંતર્ગત સ્પર્ધામાં પચાસ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં બાળકોએ સ્વામી વિવેકાનંદ વિશે તેમના જીવન ચરિત્રમાંથી ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. એ સંદેશ દ્વારા યુવાનોને યોગ્ય ધ્યેય સુધી પહોંચવા માટેનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વાંચનની ટેવ દ્વારા યોગ્ય સિદ્ધિ હાંસલ કરી શકાય છે તેમ જણાવ્યું હતું. યુવાનોએ દેશ અને દુનિયામાં ટોચ ઉપર પહોંચુ હોય તો વિવેકાનંદના વિચારોને સાથે લઈને આજની પેઢીએ ચાલવુ જોઈએ.

સ્પર્ધામાં શિક્ષક સુરેશભાઈ ઠકાકોરે બાળકોને વિવેકાનંદના પ્રસંગોનું દૃષ્ટિપાત કરાવ્યો હતો. અને બાળકોને વિવેકાનંદના સિદ્ધાંત ઉપર ચાલવા જણાવ્યું હતું અને ગ્રંથપાલ વી.એસ. પટેલે બાળકોને વિવેકાનંદના જીવનની ઝાંખી કરાવી હતી. સ્પર્ધામાં નિર્ણાયકો દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર ફાળવ્યા હતા જેમાં અનુક્રમે સૃષ્ટીપટેલ, સ્વાતી પટેલ અને વૈષ્ણવી ભટ્ટ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં ઈનામો કમલેશભાઈ પટેલ અને ગોવિંદભાઈ ઠાકોર દ્વારા આપવામાં આવ્યા હતા.

રોહિતદાસ સેવા સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં ફેરફાર

સંતશ્રી રોહિતદાસ સેવા સમાજના તેજસ્વી તારલા સન્માન અનેસ્નેહમિલનનો કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બરના રોજ યોજાવાનો હતો. અનિવાર્ય કારણોસર આ કાર્યક્રમ તા. ૧ ડિસેમ્બરના રોજ સે-૬ સેવા સંકુલ ખાતે યોજાનાર છે. જેની જાણ સંસ્થા દરેક સભ્યોને લેવા જણાવવામાં આવ્યું છે.

૧૯મીથી એકતા-રાષ્ટ્રીય અખંડિતતા સપ્તાહ યોજાશે

ગૃહમંત્રાલય દ્વારા કોમી સદભાવના વધુ સુદૃઢ બનાવવાના ઉદ્દેશ્યથી દરવર્ષે ૧૯૯૨થી કાર્યક્રમનું આયોજન થાય છે

અમદાવાદ, તા.૧૬

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દેશમાં કોમી સદભાવના અને રાષ્ટ્રીય એકતાને વધુ સુદૃઢ બનાવવાના ઉદ્દેશથી ૧૯૯૨થી કાર્યરત રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદ્‌ભાવ પ્રતિષ્ઠાન (નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મોની- એનએફસીએચ) સ્વાયત્ત સંસ્થા દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૯ થી ૨૫ નવેમ્બર દરમિયાન કોમી એકતા સપ્તાહ રાષ્ટ્રીય અખંડિતતા સપ્તાહની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન તા. ૧૯-૧૧-૧૩ રાષ્ટ્રીય અખંડિતતા દિવસ, તા. ૨૦-૧૧-૧૩ અલ્પસંખ્યક કલ્યાણ દિવસ, તા. ૨૧-૧૧-૧૩ ભાષા સદભાવના દિવસ, તા. ૨૨-૧૧-૧૩ સમાજના ક્રમજોર વર્ગોને સહાયતા કરવાનો દિવસ, તા. ૨૩-૧૧-૧૩ સાંસ્કૃતિક એકતા દિવસ, તા. ૨૪-૧૧-૧૩ મહિલા દિવસ, તા. ૨૫-૧૧-૧૩ સંરક્ષણ દિવસ / ધ્વજ દિવસ તરીકે ઉજવાશે. આ દિવસો દરમિયાન સંબંધિત વિષયોને આવરી લઈને વિવિધ સેમિનાર, વિચારગોષ્ઠિ, રેલી, સંમેલનો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેના માધ્યમથી રાષ્ટ્રીય એકતા, કોમી સદભાવના અને રાષ્ટ્રીય અખંડિતતાના સંકલ્પોનો પ્રચાર-પ્રસાર જનસમાજમાં થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવના પ્રતિષ્ઠાન નેશનલ ફાઉન્ડેશન ફોર મેન્યુઅલ હાર્મોની સંસ્થા કોમી તોફાનોના કારણે કે આંતકવાદી ભાંગફોડથી અસર પામેલા કુટુંબોના નિરાશ્રિત બાળકોની સારસંભાળ, શિક્ષણ તાલીમ તેમજ પુનર્વસવાટ તેમજ સહાયરૂપ બને છે. આ સંસ્થાને અપાતું ડોનેશન ઈન્કમટેક્ષની કલમ ૮૦(જી) હેઠળ ૧૦૦ ટકા કરમુક્ત પાત્ર છે.

ગાંધીનગરના યુવાનો ફિલ્મ ક્ષેત્રે કારકિર્દી બનાવી શકશે

લેયર ફાઉન્ડેશન દ્વારા પાટનગરમાં વસતા યુવાનોની પ્રતિભા તેમજ આંતરિક શક્તિ બહાર લાવવા માટે લાઈટ-કેમેરા એકશન કોમ્પીટીશન યોજવામાં આવશે.

ગાંધીનગરના યુવાનો દરેક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યા છે અને હમણાં જ ગાંધીનગરની દીકરી પારૂલ પરમારે ગુજરાતનું નામ રમત ક્ષેત્રે ઉજાગર કર્યું છે . ત્યારે એકટીંગ કરી કેમેરા સામે ગાંધીનગરના યુવાનોની શક્તિઓવિકસે તે માટે લેયર ફાઉન્ડેશન દ્વારા કોમ્પીટીશન અંગે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

કોમ્પીટીશન ત્રણ વિભાગમાં યોજાશે. જેમાં પ્રથમ-શોર્ટ ફિલ્મ, દ્વિતીય-મ્યુઝીક વિડિયો અને તૃતિય-એનિમેશન ફિલ્મ યોજવામાં આવશે. જેનો સમય ૨ થી ૧૦ મિનિટનો રહેશે. સ્પર્ધાને અંતે વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરાશે. કોમ્પીટીશનમાં ભાગ લેવા માટે લેયર ફાઉન્ડેશન પદ્માવતી કોમ્પલેક્ષ, ત્રીજો માળ સે. ૨૯, ઘ-૬ કોર્નર ખાતે સંપર્ક કરવો તેમ લેયર ફાઉન્ડેશન દ્વારા જણાવાયું છે.

રીમોટને જરાક રમતું કરો ત્યાં અનેક ચેનલો પર ચાલતાં કુકિંગ કે ફૂડ શોની સોડમથી તમારું પેટ ભરાઈ જાય

'ક્યાં **Ingredient**લીધા છે'.. કૅમ્પીકમ હન્ડ્રેડથી હન્ડ્રેડ ફિક્ટી ગ્રામ્સ- ચોપ કરેલા?..'આ પનીર છે, એને આપણે સ્મોલ પીસીસમાં કટ કરી લઈશું' સોલ્ટ લઈશું ટેસ્ટ મુજબ.. ચાર મીડીયમ ટોમેટોઝને આપણે બરાબર વોશ કરીને લેવાના છે. આ રેડ ચીલી પાઉડર છે એને આપણે ટુ ટુ થ્રી ટેબલ સ્પૂન લેશું.. હવે ફ્રૅશ કોરીયનડરને આપણે ડીશ પર સ્પ્રીન્કલ કરીને સર્વ કરીશું... ઑઈલ ગરમ થઈ ગયું છે એમાં પેટીસને હલકી બ્રાઉન થાય ત્યાં સુધી ફ્રાય કરવાની છે.. આ ડીશને બનતાં લગભગ ટેનથી ટ્વેન્ટી મીનીટસ લાગે છે. .. હાય, મારા હસબંડ અને કિડ્સને બહુ ભાવે છે એટલે હું લગભગ દર વિક ઍન્ડમાં આ જ ડીશ કુક કરું છું....

વૅઈટ, હળવું હળવું હસતા તમે એમ ના વિચારવા માંડશો કે આ કોઈ વિદેશમાં ચાલતી ગુજરાતી ચેનલના કોઈ કુકિંગ શો ના ડાયલોગ્સ છે.. નો નો ઍટ ઓલ ડીયર્સ... આ તો છે આપણી પોતાની ભાષામાં આપણી પોતાની ગુજરાતી ચેનલ્સ પર આવતા કુકરી શો ના સંવાદો. સામાન્ય દર્શક (કે જેમાંથી મોટાભાગની ગૃહિણીઓ જ હોય છે) તેને આમાંથી કેટલાક શબ્દો કાચેકાચા ખવાતા હશે એ તો એ જ જાણે પણ અહીં આજે આપણે આ ડાયલોગ્સ ફ્રાય નથી કરવા પણ વાત કરવી છે ટૅલીવિઝનના નાના પડદે રજૂ થતા અને આજકાલ ખાસ્સા લોકપ્રિય થતા જતા દેશી- વિદેશી કે પ્રાદેશિક કુકિંગ શો યાની કી રસોઈ શૉઝની.

ગુજરાતી ચેનલો જોનારાઓ અને રસોઈમાં રસ ધરાવનારાઓ ગુજરાતી ચેનલ પર આવતા અને ખૂબ જ જોવાતા બે કાર્યક્રમોથી તો પરિચિત હશે જ. એક છે ઈ-ટીવી ગુજરાતી પર દરરોજ બપોરે બે વાગે આવતો ઈ ટીવી રસોઈ શૉ અને બીજો ટીવી-૯ ગુજરાતી પર રોજ બપોરે ૨.૩૦ કલાકે આવતો ફાઈવ સ્ટાર તડકા. ઈ-ટીવીનો રસોઈ શૉ ફેબ્રુઆરી ૨૦૦૫થી સતત નાના પડદે વિવિધ વાનગીઓ પીરસી રહ્યો છે અને અત્યાર સુધીમાં એના ૩૨૦૦ જેટલા એપિસોડ પ્રસારિત થઈ ચૂક્યા છે. આ શૉ પ્રસારિત થયેલા એપિસોડની સંખ્યાની દ્રષ્ટીએ વિશ્વમાં મેક્સિકોના કુકિંગ શો હસ્તા લ કોબીનાં પછી બીજું સ્થાન ધરાવે છે. આમ આ પણ આ શો નો એક અનોખો રેકોર્ડ છે. આ શૉની ખાસિયત તહેવારો, સીઝન, વયજૂથ પ્રમાણે એમાં રજૂ કરાતી ખાસ વાનગીઓના વિશેષ કાર્યક્રમો. ખાસ કરીને મહિલાઓમાં લોકપ્રિય આ કાર્યક્રમ રસોઈમાં રસ ધરાવનારને સ્ટુડિયોમાં બોલાવી એની કળાને અને વાનગીને લોકો સમક્ષ મૂકે છે. સમગ્ર ગુજરાતની મહિલાઓ માંથી મહારાણી ખૂબ જ લોકપ્રિય છે. દેશી વિદેશી વ્યંજનો શીખવતી વિવિધ કુકિંગ એકસપર્ટવાળા આ શો નો કન્સેપ્ટ ખ્યૉર વૅજીટીરીયન વાનગીઓ છે એ આ શોનું જમા પાસું છે. આજ ચેનલ પર સાંજે ૬.૩૦એ આવતો ફલેવર્સ ઓફ ગુજરાત ગુજરાતના વિવિધ શહેરોમાં રહેતી સ્ત્રીઓના કિચનમાં જઈને એમના હાથે જ બનાવેલી વાનગીઓની રજૂઆતને લીધે અનોથી છાપ છોડી જાય છે. લગભગ આવું જ ફોર્મેટ ધરાવતો ટીવી-૯ ગુજરાતીનો શો ફાઈવ સ્ટાર તડકા પણ વિવિધ વાનગીઓની સોડમથી હંમેશા તરબતર હોય છે. તો આપણું દૂરદર્શન પણ કાઈ પાચલ રહે એમ નથી. દૂરદર્શન ગુજરાતીયાની કે ડીડી ગીરનાર પર બપોરે જ આવતો કાર્યક્રમ રસોઈની રંગત નબળી ગુણવત્તા છતાં પણ સંવાદના શોખીનો માટે માણવાલાયક છે.

પ્રાદેશિક ચેનલોથી આગળ વધીએ તો ભારતમાં રસોઈ શો પ્રત્યે વધી રહેલા લગાવથી પ્રેરાયને અને જેમની પત્ની ગુજરાતી છે એવા અર્ધા ગુજરાતી અને ભારતમાં ટીવી પર કુકિંગ શોની શરૂઆત કરનારા માસ્ટર શેક સંજીવ કપૂરે તો ચોવીસ કલાક રસોઈ શીખવતી ચેનત જ શરૂ કરી દીધી, જેનું નામ જ છે. ફૂડ ફૂડ. ૧૯૯૩માં ઝી ટીવી પર સૌ પ્રથમ કુકિંગ શો રજૂ થયો અને સુપરહિટ પણ થોય જેને રજૂ કરેલો

- વોટ ઈઝ કુકિંગ????

વિગેરે.. વિગેરે...

અજય ઉપાધ્યાય

સંજીવ કપૂરે અને એનું નામ રસોઈ શોખીનોને હજૂ પણ યાદ જ હશે. એ હતો કુકિંગ શો- ખાના ખઝાના. લગભગ ૩૦ વર્ષોથી કુકિંગ ઈન્ડસ્ટ્રી પર રાજ કરતા સંજીવ કપૂરનો હાલમાં આવો જ શો સોની પર ચાલી રહ્યો છે જેનું નાં છે. સંજીવ કપૂર કે કિચન ખિલાડી. ખાના ખઝાનાની સફળતાને આગળ વધારતા ફૂડ ચેનલ ઉપરાંત સંજીવ કપૂરની રેસ્ટોરત ચૅઈન યેલો ચીલી- દેશના ઘણા શહેરોમાં સ્વાદ શોખીનોને આકર્ષી રહી છે. રસોઈની વાત નીકળે તો તરલા દલાલનું નામ ના લઈએ એ કેમ ચાલે? નવેમ્બરની છઠ્ઠી તારીખે હૃદયરોગ ના હુમલાથી અવસાન પામેલા આ ૭૭ વર્ષીય નખશીખ ગુજરાતી તરલા દલાલે ગુજરાતી અને ભારતીય ગૃહિણીઓને નવી નવી વાનગીઓ વિશે જાણતા અને રાંધતા કરી દીધા હતા ગર્વ પૂર્વક કહી શકાય. પદ્મશ્રીથી સન્માનીત આ કિચન ક્વીન 'ના' કુક અપ વિથ તરલા દલાલ અને તરલા દલાલ શો હજુ પણ ઘણાને યાદ હશે જ. તેમની રેસીપીઝના પુસ્તકોનું ગુજરાતી, હિન્દી જેવી ભારતીય ભાષાઓ ઉપરાંત રશીય્મ અને ડચમાં પણ ભાષાંતર થયેલું છે. આ બંને મહાનુભાવો ના શો ઉપરાંત સ્ટાર ટીવી પર અલગ અલગ થીમ સાથે જુદી જુદી સીઝનમાં રજૂ થતો પ્રોગ્રામ 'માસ્ટર શેક ઈન્ડિયા' પણ દર્શકોમાં ખાસ્સો લોકપ્રિય છે.

રીમોટને જરાક રમતું કરો ત્યાં અનેક ચેનલો પર ચાલતાં કુકિંગ કે ફૂડ શોની સોડમથી તમારું પેટ ભરાઈ જાય. ફોક્સ ટ્રાવેલર ચેનલ પર આવતા ફૂડ શો એકદમ અનોખા હોય છે. દેશ અને વિદેશમાં ફૂડનું ઉત્પાદન, વેચાણ અને વેરાઈટી ઓની રસાળ માહિતી પીરસતા અને હિન્દી સહિત ઘણી ભાષાઓમાં ડબ કરીને રજૂ કરાતા પ્રોગ્રામ જોવાની મજા પડે એવા હોય છે. રવિવારે રાત્રે ૯ વાગે આવતો અને ભારતીય ફલેવર ધરાવતો ટવીસ્ટ ઓફ ટેસ્ટ વિથ વિનીત ભલ્લા હોય કે પછી

ગુજરાતી ચેનલો જોનારાઓ અને રસોઈમાં રસ ધરાવનારાઓ ગુજરાતી ચેનલ પર આવતા અને ખૂબ જ જોવાતા બે કાર્યક્રમોથી તો પરિચિત હશે જ. એક છે ઈ-ટીવી ગુજરાતી પર દરરોજ બપોરે બે વાગે આવતો ઈ ટીવી રસોઈ શો અને બીજો ટીવી-૯ ગુજરાતી પર રોજ બપોરે ૨.૩૦ કલાકે આવતો ફાઈવ સ્ટાર તડકા

ઓસ્ટ્રેલીયન કુઝીનની સફર કરાવતો ફૂડ સફારી કે પછી આ લેખકનો પસંદીદા ઈટ સ્ટ્રીટ પ્રોગામ હોય, એક એક પ્રોગ્રામની રજૂઆત અને કન્ટેન્ટથી તમને અનેક નવી વાનગીઓ અને જગ્યાઓનો પરિચય થાય છે. ડિસ્કવરી ચેનલ પર દર શુક્રવારે ૮.૩૦ કલાકે આવતા ફૂડ ફેકટરી કાર્યક્રમમાં ખાવાની કોઈ એક બ્રાન્ડેડ વસ્તુની ઉત્પાદન પ્રક્રિયાથી માંડીને વેચાણ સુધીની સફર બહુ સરસ રીતે બતાવાય છે. એક કલાકનો આ પ્રોગ્રામ અચૂક જોવા જેવો છે. તો ટીએલસી- જેવી ટ્રાવેલિંગની ચેનલ પર દર રવિવારે ૯ વાગે રજૂ થતો, રીક સ્ટેઈન ઈન ઈન્ડિયા- પણ ભારતીય વાનગીઓની સોડમથી ભરપુર હોય છે. એવી જ રીતે જાણીતા પત્રકાર વિનોદ દુઆ દ્વારા રજૂ કરતો એનડી ટીવી ૨ ૪x૭?ન્યૂઝ ચેનલ નો ફૂડ શો, 'ઝાયકા ઈન્ડિયા કા'માં પણ દેશ વિદેશના વિવિધ રેસ્ટોરાંમાં કે સ્ટ્રૂટ ફૂડ મળતું હોય એ ગલી કુચીઓમાં જઈને જે તે શહેરની પ્રખ્યાત વિવિધ વાનગીઓ નો રસથાળ પીરસવામાં આવે છે. તો એનડીટીવીની બીજી ચેનલ એનડી ટીવી ગુડ ટાઈમ્સ પર આવતા 'હાઈવે ઓન માય પ્લેટ કે ચાખ લે ઈન્ડિયા' પણ સ્વાદ શોખીનોને અચૂક જોવા ગમે એવા છે.

આ તો ફક્ત ઉપરછલ્લો ચિતાર જ આપ્યો. ભારતમાં ચાલતી ચેનલો પર લગભગ ૧૨૫ કુકિંગ શોઝ પ્રસારીત થઈ રહ્યા છે. એમ કહેવાય છે કે ખાવાની વસ્તુ પહેલા આંખને ગમવી જોઈએ તો જ એ મુખ તરફ પ્રયાણ કરી શકે. છેલ્લા થોડા મહિનાઓમાં લોન્ચ થયેલ ૩ સંપૂર્ણ ફૂડ ચેનલોએ વાતનો પુરાવો છે કે ભારતમાં રસોઈકળા અને વિવિધ વાનગીઓ બનાવવાથી એને જાણવા સુધીનો વર્ગ વધી રહ્યો છે. ધીરેધીરે ઉચકાતા જીવનસ્તરથી લોકોમાં સારુંફૂડ ખાવું કે બનાવવાની ઝંખના વધતી જાય છે. રેસીપીઝ બુકોના વેચાણમાં આવેલો નોંધપાત્ર ઉછાળો, ઓનલાઈન રેસીપી સાઈટોની વધતી જતી હિન્ટસ અને નાના નાના શહેરોમાં પણ વધતા જતા ભવ્ય રેસ્તોરન્ત્સ પર થી શું રંધાઈ રહ્યું છે એ સમજી શકાય છે. અને આપણે ભારતીયો ભોજન પ્રત્યે સૌથી વધુ પેશોનેટ છીએ એ સર્વવિદિત છે. એવું રખે માનતા કે ફક્ત જોવા માટે જ આ શો નો ઉપયોગ થઈ રહ્યો છે પણ એમાં રજૂ થતી વિવિધ ડીશીની રેસીપીઝને નોંધી ને અનેક ઘરોના કિચનમાં નવીન નવીન વાનગીઓ બનતી થઈ ગઈ છે. રસોઈ શો કે માસ્ટર શેફ જેવી સ્પર્ધાઓમાં વિજેતા બનીને કે ફક્ત ભાગ લઈને પણ અનેક સ્ત્રીઓ કે પુરુષો એ પણ રસોઈકળાના આ જ્ઞાનને પોતાના વ્યવસાય બનાવી લીધા છે. વર્ષોથી બનતી કે બનાવતી અને થાળીમાં પીરસાતી વાનગીઓમાં ચેન્જ આવતો થયો છે. આવા કુકરી શો ના પ્રતાપે અસલ ટેસ્ટ સાથે અનોખા અંદાઝમાં એ જ વાનગી બની શકે છે એવું કિચનની સામાગ્નીઓને જાણવામાં વધુને વધુ રસ પડતો જાય છે. વર્ષોથી ખાવાતા હાંડવા, ઢોકળા, ઢોંસા કે ફાસ્ટ કુક કે મીઠાઈ અને ફરસાણમાં હવે નવી નવી ફલેવરો બનતી જાય છે અને આ ઈનોવેશનનો મોટાભાગનો યશ આવા કુકરી શોને જાય છે. આજે ભારતમાં ચેનલો પર ફેમીલી ડ્રામા અને ફિલ્મો પછી આવા રસોઈ શો જોનારા વર્ગનો નંબર આવે છે.

તો હવે પછી જો તમને શ્રીમતીજી એવું કહે કે આજ લંચ કે ડિનરમાં તમને સરપ્રાઈઝ વાનગી જમાડું તો ૧૦૦માં થી ૯૦ વખત એ વાનગીની રેસીપી આવા જ કોઈ કુકરી શો ની દેન હશે એ ચોક્કસ..

રીમાઈન્ડરઃ

હમ દેશ કે લિયે ખાતે હૈ, ઔર પૈસા દેકર ખાતે હૈ (**NDTV 24x7** ના પ્રોગ્રામ 'ઝાયકા ઈન્ડિયા કાં' ની ટૅગ લાઈન)